# Career Counselling & Development Centre
## Saurashtra University, Rajkot

CCDC

104, 1st Floor, Academic Centre,
B/h, Central Bank of India
Saurashtra University Campus, Rajkot-360 005
Ph. : 0281-2587144, ccdcsauuni@yahoo.co.in

Re-Accredited
Grade A by NAAC

Dr. N.A. SHAH
Co-Ordinator


Ref.:
Date: 04/08/2016

---

## પ્રેસનોટ

### કેરીયર કાઉન્સેલીંગ એન્ડ ડેવલોપમેન્ટ સેન્ટર (CCDC) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા IBPS CWE PO/MT-VI ની ૮૮૨૨ જગ્યા માટેની પરીક્ષાના તાલીમ વર્ગો ૧૬ ઓગષ્ટ – ૨૦૧૬ થી શરૂ કરાશે...

---

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં કેરીયર કાઉન્સેલીંગ એન્ડ ડેવલોપમેન્ટ સેન્ટર (સી.સી.ડી.સી.) દ્વારા આગામી ઓકટોબર માસમાં યોજાનાર **IBPS CWE PO/MT-VI** પરીક્ષા માટે સીસીડીસી ખાતે તા. ૧૬/૦૮/૨૦૧૬ થી બપોરે ૨ થી ૪ (દરરોજ બે કલાક) તાલીમ વર્ગોનું આયોજન કરાયેલ છે. IBPS અંતર્ગત અંદાજે ૨૦ બેંકો જોડાયેલ છે.

સીસીડીસીના માધ્યમથી વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીમાં ખૂબજ સારો પ્રતિભાવ મળી રહયો છે તથા વિવિધ સરકારી પરીક્ષાઓમાં પરીણામમાં ખૂબ જ સુંદર દેખાવ વિદ્યાર્થીઓ દ્વારા થઈ રહયો છે ત્યારે સીસીડીસી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા સરકારશ્રીની તમામ ભરતી પ્રક્રીયા માટે કોચીંગ વર્ગોનું આયોજન કરી રહયું છે. તાજેતરમાં ૩૦૦ વિદ્યાર્થીઓ બિન સચિવાલય કલાર્ક અને ઓફિસ આસીસ્ટન્ટ તથા ૬૦ વિદ્યાર્થીઓ જીપીએસી મેઈન્સ પરીક્ષા માટેની તાલીમ મેળવી રહયા છે.

આ તાલીમ વર્ગમાં વિવિધ જગ્યાઓ માટેનાં અભ્યાસક્રમ ઈંગ્લીશ લેંગ્વેજ, કવોન્ટીટેટીવ એપ્ટીટયુડ અને રીઝનીંગ એબીલીટીના વિષયોની સઘન તાલીમ આપવામાં આવનાર છે. ઉપરોક્ત તાલીમ વર્ગમાં જોડવા ઈચ્છતા ઉમેદવારોએ તા. ૧૨–૮–૨૦૧૬ સુધીમાં ૧૦૪, એકેડેમિક સેન્ટર, પ્રથમ માળ, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા પાછળ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ ખાતે તેમનું રજિસ્ટ્રેશન ફોર્મ ટોકન ફી સાથે ૨ પાસપોર્ટ સાઈઝના ફોટા, આઈ.બી.પી.એસ.માં ઓનલાઈન ભરેલ ફોર્મ, ગ્રેજ્યુએશન માર્કશીટ, લીવીંગ સર્ટીફીકેટ અને ફોટો આઈ.ડી. સાથે લાવવાનું રહેશે. આ તાલીમ વર્ગ માટેનું રજિસ્ટ્રેશન ફોર્મ રૂબરૂ અથવા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ની વેબસાઈટ પરથી પણ મળી શકશે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ પરની બેંકના વર્કીંગ દિવસોમાં જ રજિસ્ટ્રેશન ફી ભરી શકાશે. આ તાલીમ વર્ગમાં વહેલા તે પહેલાના ધોરણે જ પ્રવેશ આપવામાં આવશે.

પ્રતિ,
તંત્રીશ્રી ,
ઉપરોકત માહિતિ વિદ્યાર્થીઓના લાભાર્થે આપના પ્રસિધ્ધ દૈનિકમાં વિનામૂલ્યે પ્રકાશિત કરવા વિનંતી.

આભાર સહ,

for, [signature]

Co-ordinator
Career Counselling & Development Centre
Saurashtra University, Rajkot. (Gujarat)